# ગઝલ–રાઠોડ

–બી.કે.રાઠોડ 'બાબુ'

**(1)**

કૈંક પીડા પીગળે, ત્યારે ગઝલ સર્જાય છે,
આંસુ જ્યારે ઓગળે, ત્યારે ગઝલ સર્જાય છે.

આહ દીલથી નીકળે, ત્યારે ગઝલ સર્જાય છે.
જામ ચીસોના ઢળે, ત્યારે ગઝલ સર્જાય છે.

જખ્મ જુના સળવળે, ત્યારે ગઝલ સર્જાય છે.
ભીતર કૈંક ખળભળે, ત્યારે ગઝલ સર્જાય છે.

વેદના ટોળે વળે, ત્યારે ગઝલ સર્જાય છે.
સેંકડો સપનાં બળે, ત્યારે ગઝલ સર્જાય છે.

ડુસકાં સૌ ટળવળે, ત્યારે ગઝલ સર્જાય છે.
હોય કાં ડુમો ગળે, ત્યારે ગઝલ સર્જાય છે.

ઠોકરો જ્યારે મળે, ત્યારે ગઝલ સર્જાય છે.
શબ્દમાં લોહી ભળે, ત્યારે ગઝલ સર્જાય છે.

જીન્દગી ખુદને છળે, ત્યારે ગઝલ સર્જાય છે.
મોત આવે અટકળે, ત્યારે ગઝલ સર્જાય છે.

**(2)**

આંગણું દે આવકારો, ઘર મને એવું ગમે,
બારણાં બોલેઃ 'પધારો', ઘર મને એવું ગમે.

હો પગરખાંનો પથારો, ઘર મને એવું ગમે,
હોય જે ઘરને ઘસારો, ઘર મને એવું ગમે.

કાયમી જ્યાં છમ્મલીલાં લાગણીનાં ઝાડ હો,
કાયમી જ્યાં હો બહારો, ઘર મને એવું ગમે.

નીંદની ચાદર હટાવે, ઝાડવાંના કલરવો,
હો સુગંધી જ્યાં સવારો, ઘર મને એવું ગમે.

જે ઘરે લાગે અજાણ્યાનેય પણ પોતાપણું,
લોક ચાહે ઉતારો, ઘર મને એવું ગમે.

થાકનો ભારો ઉતારે, કોઈ આવી ડેલીએ,
સાંપડે જ્યાં હાશકારો, ઘર મને એવું ગમે.

મંદીરો જેવું પરમ સુખ, સાંપડે જ્યાં જીવને,
જ્યાં રહે ચડતો સીતારો, ઘર મને એવું ગમે.

**(3)**

સ્હેજ શેરી સાંભરી ને બાળપણ બેઠું થયું,
મેં નજર પાછળ કરી ને બાળપણ બેઠું થયું.

ભાવતી ચીજો અને સૌ ફેરીયાઓ સાંભર્યા,
જીભ આ હોઠે ફરી ને બાળપણ બેઠું થયું.

લાલ આંખો થૈ હતી કૈં ધુબકા માર્યા પછી,
આંખ આ ચોળી જરી ને બાળપણ બેઠું થયું.

યાદ આવી ગૈ ફરીથી આજ જુની વારતા,
ઉડતી આવી પરી ને બાળપણ બેઠું થયું.

યાદ આવ્યા સ્વપ્નમાં કૈં રાક્ષસોના મુખવટા,
નીંદથી જાગ્યો ડરી ને બાળપણ બેઠું થયું.

સ્વર્ગ શો ખોળો અને હેતાળ ફરતો હાથ એ,
મા મને એ સાંભરી ને બાળપણ બેઠું થયું.

મોજ મસ્તીના દીવસ કેવા હતા, કોને કહું ?
હું રડ્યો ખોબો ભરી ને બાળપણ બેઠું થયું.

**(4)**

ખુશી કેટલી દુશ્મનોને મળે છે ?
તમારી કથામાં મને સાંકળે છે.

કરું તો કરું વાત કેમે તમારી ?
હવા કાન દઈને બધું સાંભળે છે.

નથી સ્વપ્ન મારાં થયાં કે થવાનાં,
બધાં જેમ એ પણ મજેથી છળે છે.

મને જોઈ વળતો તમારી ગલીમાં,
તમારા તરફ કાં નજર સૌ વળે છે ?

બચાવી રહ્યો છે મને માત્ર ઈશ્વર,
નહીં તો ગળું રોજ ખંજર તળે છે.

ભભુકી ઉઠે છે બધે આગ પળમાં,
મને જોઈ તારી નજર જો ઢળે છે.

મને સાંત્વના દઈ હવે ના સતાવો,
વળે સ્હેજ ટાઢક તો જખ્મો કળે છે.

નથી 'બાબુ' અમસ્તી જ રાતી ગુલાબી,
હૃદયની ગલીથી ગઝલ નીકળે છે.

**(5)**

દર્દની ભાષા ભણાવી જોઈએ,
ચાલ, સુરજને રડાવી જોઈએ.

વાત ભીતરથી કઢાવી જોઈએ,
રગ પછી દુખતી દબાવી જોઈએ.

આયનો ચોખ્ખા સરોવરનો ધરી,
દુરથી એને ડરાવી જોઈએ.

કૃષ્ણલીલા કેમ ના જોવા મળે ?
હાથને થોડો જલાવી જોઈએ.

જીતનારા જીત ના ઉજવી શકે,
હાર કૈં એવી જ થાવી જોઈએ.

અશ્રુ, ડુમો, ડુસકાં ને ચીસથી,
તાજ યાદોનો ચણાવી જોઈએ.

દુર કાં ભાગ્યા કરે છે ગામથી ?
લાવ, મૃગજળને મનાવી જોઈએ.

પાત્ર ઈશ્વરનું એ ભજવે શક્ય છે,
આવ, પથ્થરને પટાવી જોઈએ.

શબ્દનો મંડપ સજાવી કાગળે,
મૌનનો ઉત્સવ મનાવી જોઈએ.

જીન્દગીને મન કદી એનું થયું,
મોતથી પંજો લડાવી જોઈએ.

બેસણું લાગે કવીનું બેસણું,
ત્યાં ગઝલ બે–ચાર ગાવી જોઈએ.

**(6)**

દર્દ જેવું ત્યાં કશું દેખાય છે,
આંગળી મારા તરફ ચીંધાય છે.

ઝેર અફવાનું વહે છે ચોતરફ,
શ્વાસ મારા એટલે રુંધાય છે.

આ તરફ હું, એ તરફ આખું જગત,
પ્રેમમાં હમ્મેશ આવું થાય છે.

કાચ જેવા હોય છે સમ્બન્ધ સૌ,
તડ પડે તો ક્યાં કદી સન્ધાય છે ?

ઠેસ કેવી આકરી લાગી હશે ?
લાગણી મારી હજી લંઘાય છે.

કોઈ પુછે આજ પણ ઈશ્વર વીશે,
હાથ મારો એ તરફ લંબાય છે.

થૈ ગઝલ રોયા કરે છે રાત દી',
સ્વપ્ન જે કાચી વયે રંડાય છે.

**(7)**

મેં ઉકેલ્યો ખુબ ઘેરો ભેદ છે,
ઝાંઝવાં રણને વળ્યો પ્રસ્વેદ છે.

શ્યામલી આ રાત બીજું કૈં નથી,
તપ્ત સુરજને મળેલી કેદ છે.

પત્ર છે વાદળ, નદીનો ફ્હાડને,
વ્યક્ત એમાં દર્દભીનો ખેદ છે.

કોઈ ના વાંચી શકે, પામી શકે,
માનવી તો વણઉકેલ્યો વેદ છે.

જીન્દગીમાં કાંઈ પણ ટકતું નથી,
આ હથેળીમાં કહો ક્યાં છેદ છે ?

**(8)**

સાવ ખાલી ક્યાં પીયાલી હોય છે ?
કૈં નહીં તો પાયમાલી હોય છે.

ક્યાં કરે છે કોઈ મીઠી વાત બે ?
જે મળે છે બસ સવાલી હોય છે.

આ મુહોબત ઝાંઝવાંની જાત છે,
નીત્ય દેતી હાથતાલી હોય છે.

હોય છે ક્યાં કોઈ માણસ એકલો ?
જાત સાથે છાંય ચાલી હોય છે.

જાતને પણ છેતરે છે પ્રેમથી,
માનવી કેવાં મવાલી હોય છે ?

ભીડ જેવું એટલે લાગ્યા કરે,
સાંકડી ખુદની જ ચાલી હોય છે ?

દુખ–દર્દો એ જ આપે 'બાબુજી',
ચીજ જે સૌથી વહાલી હોય છે.

**(9)**

ઝાંઝવાં થૈ જળ અહીંથી ત્યાં સુધી,
ઝળહળે છે છળ અહીંથી ત્યાં સુધી.

ટળવળે છે હર કળીની બાંહમાં,
આંસુ થૈ ઝાકળ અહીંથી ત્યાં સુધી.

એ મળે તો ક્યાં મળે બ્રહ્માંડમાં ?
વીસ્તરી અટકળ અહીંથી ત્યાં સુધી.

તોય વરસે ગમ અહીં, ને ત્યાં ખુશી,
એક છે વાદળ અહીંથી ત્યાં સુધી.

બેય છેડે સરખા હાલ છે,
જોઈ લે, બે પળ અહીંથી ત્યાં સુધી.

**(10)**

ઈશારો મુક પથ્થરનો, તને સમજાય તો સારું,
સવેળા અર્થ ઠોકરનો, તને સમજાય તો સારું.

જગતની રંગભુમી પર, તમાશો જીન્દગીનો છે,
મજાનો ખેલ ઈશ્વરનો, તને સમજાય તો સારું.

વધારો થાય માત્રાનો, પછી હર ચીજ બુરી છે,
ટકોરો છે ખરેખરનો, તને સમજાય તો સારું.

સુનામી રુપ લૈ કાં બંધનો તોડ્યાં કીનારાએ ?
બળાપો સાત સાગરનો, તને સમજાય તો સારું.

ન જાણે મોત કેવું રુપ લઈને આવશે તારું,
હશે કીસ્સો ઘડીભરનો, તને સમજાય તો સારું.

લખી છે વાત દીલની મેં અહીં બે–ચાર ગઝલોમાં,
ઝુરાપો જીન્દગીભરનો, તને સમજાય તો સારું.

–બી.કે.રાઠોડ 'બાબુ'–

**કવી સંપર્ક:** 10, ચંદ્રનગર સોસાયટી, જી.આઈ.ડી.સી, ફેઈસ-4 પાસે, વઢવાણ–363 030 જી. સુરેન્દ્રનગર. મોબાઈલ: **98799 63708** ઈ–મેઈલ: 143901@orientalinsurance.co.in

**કવીનો ગઝલ સંગ્રહ: 'અહીંથી ત્યાં સુધી'**, પ્રથમ આવૃત્તી: 2006, પ્રકાશક: પોતે– સરનામું ઉપર મુજબ, પાના: 68, મુલ્ય: 50 રુપીયા, (ગુજરાતી સાહીત્ય અકાદમીની સહાયથી પ્રકાશીત)

('**સન્ડે ઈ–મહેફીલ**'ના આ **ગઝલ–અંક**ના અતીથી **સંપાદક** અને **સંકલનકાર** સુરતના યુવાગઝલકાર ભાઈ **શ્રી ગૌરાંગ ઠાકર** (gaurang_charu@yahoo.com)નો ખુબ ખુબ આભાર..... **ઉત્તમ ગજ્જર**..)

●●●

**'સન્ડે ઈ–મહેફીલ'** – વર્ષ: પાંચમું – અંક: 170-1- July-19, 2009
**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમાં સાભાર **અક્ષરાંકન: શ્રી સુનીલ શાહ** **sunilshah101@gmail.com**

*અને છેલ્લે... ...*

*શહેરમાં વસનારા લોકોના પગનાં તળીયાં ભારે કમનસીબ હોય છે. મોજાંની, પગરખાંની અને ડામરનાં લીંપણની શરમ છાંડીને એ બીચારાં તળીયાં, પોચી, રવાદાર અને*

*સ્પર્શવૈભવ ધરાવનારી માટીના સીધા સમ્પર્કમાં આવવા જ નથી પામતાં. લીલા કુમળા ઘાસ પર કે તાજી ખેડાયેલી ધરતી પર કે દરીયાકીનારે પથરાયેલી ઈસ્ત્રીદાર રેતી પર ચાલવાનો વૈભવ તો પગના તળીયાંનો 'સ્વાદ' છે. ભગવાને પગનું સર્જન બુટમોજાંની જનમટીપ વેઠવા માટે નથી કર્યું. જેને જીવનમાં ક્યારેય એકાદ કાંટો પણ વાગ્યો નથી, એ માણસને પ્રેમ શું એની ખબર પડે ખરી ?* *–ગુણવંત શાહ*

*05 જુલાઈ 2009ના 'દીવ્ય ભાસ્કર'ની રવીવારીય પુર્તીમાંની એમની કટાર 'વીચારોના વૃંદાવન'માંથી સાભાર...*

♦●♦

જે દીવસે માનવજાત વૃક્ષમાં મંદીરનાં દર્શન કરશે અને પાંદડાંઓમાં તેત્રીસ કોટી દેવતાઓનો નીવાસ નીરખશે તે દીવસે પૃથ્વી પરથી યુદ્ધ નાબુદ થશે. વૃક્ષ પવીત્ર છે; કારણ કે વૃક્ષત્વ વીના મનુષ્યત્વ એક મીનીટ પણ ટકી શકે તેમ નથી. ઉત્ક્રાન્તીના ક્રમની દૃષ્ટીએ પણ વૃક્ષ મનુષ્યથી ખાસ્સું સીનીયર છે. વૃક્ષ ભણી નજર નાખવાની ફુરસદ આપણી પાસે નથી. આકાશમાં પથરાયેલા મેઘધનુષને નીરખવા માટે એક ખાસ મીનીટ આપણી પાસે છે ખરી ?

– – – – –

દગો દીધા પછી જો માણસ શરમથી નીચું જોઈ જાય, તો તેનાં ઓવારણાં લેજો. માનવજાતને ટકાવી રાખવા માટે જવાબદાર એવી બે આખોની શરમનો એ માલીક અડધો સાધુ ગણાય. એક માણસ કેવળ માણસ તરીકે ટકી રહે તે માટે ખુબ જ મથવું પડે તેવી આ સદીમાં 'માણસ' તરીકે જીવી ગયેલા કોઈ સામાન્ય જણને ઘરે જવાનું બને ત્યારે કોઈ આશ્રમમાં જતા હો એવો ભાવ સેવવા જેવો છે. ગૃહસ્થાશ્રમ એક એવો આશ્રમ છે, જેને કારણે બાકીના ત્રણે આશ્રમો ટકી રહ્યા છે. સંસાર અસાર નથી.. *–ગુણવંત શાહ*

*12 જુલાઈ 2009ના 'દીવ્ય ભાસ્કર'ની રવીવારીય પુર્તીમાંની એમની કટાર 'વીચારોના વૃંદાવન'માંથી સાભાર...*

**'સન્ડે ઈ–મહેફીલ'** – વર્ષઃ પાંચમું – અંકઃ 170-1- July-19, 2009

**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમાં સાભાર અક્ષરાંકનઃ **શ્રી સુનીલ શાહ** **sunilshah101@gmail.com**

(♦)●(♦)●(♦)●(♦)